સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

દોડ્યા ખૂબ અનામત સામે વિકાસ થાકી ગયો,
ઘમંડ અને અભિમાનનું ભવિષ્ય ભાંખી ગયો,
બાકી, મોઢે આવેલો પ્યાલો છીનવાયો કુસંપથી
સંપ-સમર્પણે રહેવાનો સમય પાકી ગયો...

હાઈકુ

વન મેન શો,
જાદુઈ ચમત્કારે -
વળતાં પાણી...
(હવે જાગૃત થવાની જરૂર)

ખાય ખોંખારા,
પરાધીન નેતૃત્વ -
શેરીનાં શ્વાન...
(સંગઠિત થવાની જરૂર)

ચિંતન

ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિ તાત ગચ્છતિ ।

ઉપરોક્ત શ્લોક કેન ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

જે કલ્યાણકૃત છે અર્થાત કલ્યાણ પથનો પથિક છે, તેની કદી દુર્ગતિ થતી નથી.

આથી સાધકે કાઠિન્યથી ડર્યા વિના, નિરાશ થયા વિના કલ્યાણપથની યાત્રા ચાલુ રાખવી, જે ચાલશે તે પહોંચશે.

અધ્યાત્મપથ કઠિન હોય કે સરળ હોય કોઈ પણ જીવનનિષ્ઠ જાગ્રત માનવે વહેલા કે મોડા લે પથ પર ચાલવાનું જ છે. અધ્યાત્મપથનો બીજો વિકલ્પ નથી. જે પથ પર ચાલવાનું અનિવાર્ય છે તેની કઠિનતા પ્રત્યે ધ્યાન ન આપવું તે જ ડહાપણનો માર્ગ છે.

જીવનમાં મોડા થવા કરતાં વહેલું થવું સારું છે. અધ્યાત્મયાત્રાએ નીકળવા માટે મોડા થઈને પસ્તાવા કરતાં વહેલાં નીકળીને ધન્ય થવાનો વિકલ્પ પસંદ કરવો જેવો છે.

સુવિચાર

- માણસ જાતે સ્વચ્છ રહે તે પૂરતું નથી, પૃથ્વી, પાણી અને બીજી કુદરતી ભેટોને પણ સ્વચ્છ રાખવી જોઈએ - **અષો જરથુષ્ટ્ર**
- ગુસ્સાની શરુઆત મૂર્ખતાથી અને પૂર્ણાહૂતિ પ્રાયશ્ચિતથી થાય છે - **જન્મભૂમિ**
- ઉપાધિમાં સમતા રહે ત્યારે જાણવું કે મોક્ષનાં વાજાં વાગી રહ્યાં છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેક વસ્તુ વપરાશથી ચમકે છે - **ફ્રેન્ચ કહેવત**
- અનિષ્ઠની શંકાઓથી પરેશાન ન થાઓ, ઘણા ભય તો થાક અને એકલતામાંથી ઊભા થાય છે - **સંત વર્ગીસ**
- નગારું બરાબર ન વાગે તો લડવા માટે કોણ તૈયાર થશે ? - **રોમન કહેવત**
- આજનું ઔષધ : ફુદીનાનો તાજો રસ મધ સાથે મેળવીને દર બે કલાકે પીવાથી ન્યુમોનિયાનો તાવ મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

આપણા બાળકો પાસેથી ઘણું બધું શીખી શકાય છે. પાંચ વરસની દીકરીના હાથમાં સોનેરી રંગનો ગિફ્ટ પેપર આવ્યો. એની પાસે એક નાનું પૂંઠાનું બોક્ષ હતું. જેવું આવડે એવું બોક્સને સોનેરી ગિફ્ટ પેપરથી મઢી દીધું આ જોઈને એના પપ્પાને ગુસ્સો આવ્યો અને એને ખૂબ ધમકાવી.

આમ છતાં બીજે દિવસે સવારે દીકરી ભેટ લઈને પપ્પા પાસે ગઈ અને કહ્યું, 'પપ્પા, આ બોક્સ તમારા માટે છે.'

દીકરીના આવા વ્હાલભર્યા વર્તનથી અને આગળની સાંજે દીકરી પર કરેલા ગુસ્સા માટે પસ્તાવો થયો. નાનું બોક્સ ખોલ્યું અને ફરી પિતાનો પિત્તો ગયો અને મોટા અવાજે દીકરીને કહ્યું, 'તને એટલી પણ અક્કલ નથી કે કોઈને ખોલી બોક્સ ભેટ ન અપાય.' નાની દીકરી એ આંખમાં આંસુ સાથે પિતાને કહ્યું, 'પણ એ બોક્સ કંઈ ખાલી નથી અમો તો મેં તમારા માટે ઘણી બધી ચૂમીઓ મૂકી છે.'

પપ્પાનું હૈયું ભરાઈ આવ્યું, અને દીકરીને વ્હાલથી ઊંચકી ચૂમી લીધી અને રોઈને એની માફી માંગી.

હવે પિતા એ બોક્સ કાયમ પોતાના ઓશીકા પાસે રાખે છે અને જયારે જીવનમાં હતાશા, નિરાશા લાગે ત્યારે એ બોક્સ ખાલીને એમાંથી એક ચૂમી કાઢી દીકરીના વ્હાલને યાદ કરી શાતા મેળવે છે.

વધુ મોટા પડકારોનો પૂર્વાભાસ

૨૦૧૭ની ગુજરાતની વિધાનસભાની ચૂંટણી અનેક સંદર્ભે વિશિષ્ટ બની રહી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે એમ આ કોઈ 'સામાન્ય' ચૂંટણી નહોતી. એમાં ઘણા મહારથીઓની આબરૂ દાવ પર લાગેલી હતી. સૌથી અગત્યની બાબત હતી રાહુલ ગાંધીનો રાષ્ટ્રીય ક્ષિતિજ પર વિજેતા તરીકે ઉદયની શક્યતા. એ શક્યતાને ટાળવા માટે નરેન્દ્ર મોદી અને એમના વફાદાર રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આકાશપાતાળ એક કર્યા હતા, ચૂંટણી જીવતા માટે પ્રસ્થાપિત મૂલ્યો સાથે છેલ્લી કક્ષાનાં સમાધાન કર્યા હતાં અને આખરે તમામ દાવપેંચ લગાનીને જરૂરી બહુમતી મેળવી રાહુલના રાજયારોહણ ટાણે જ એમને નાક કાપીને અપશુકન કરવામાં ધારી સફળતા મેળવી લીધી છે. રાહુલ ગાંધી પણ વિજય બાબતે ઘણા ઉત્સાહી વરતાયા. એમણે મોદીને મોદીની જ ભાષામાં જવાબ આપવા સાથે એક સૌમ્ય, શિષ્ટાચાર ભરી પ્રચારશૈલી અજમાવી. જો કે, એમણે ઉમેદવારોની પસંદગીમાં ગંભીર ભૂલો ચલાવી લીધી. પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીને વ્યૂહાત્મક રીતે ચૂંટણી બહાર રાખવાથી ફાયદાને બદલે નુકશાન જ થયું. એમણે ત્રણ યુવા આંદોલનકારો પર મૂકેલો ભરોસાની ભેંસે પાડો જણ્યો, એમ કહેવામાં એતિશયોક્તિ નહીં લેખાય. હાર્દિક પટેલની જબરદસ્ત રેલીઓ જરૂર નીકળી પણ સુરત કે અમદાવાદ જેવા શહેરી વિસ્તારોમાં જ નહીં બદલે પાટીદાર અનામત આંદોલનના પ્રારંભ બિંદુ સમા વીસનગર અને મહેસાણા પંથકમાં પણ બિનઅસરકારક રહી. સૌરાષ્ટ્રે કોંગ્રેસને સાથ આપ્યો એવો અન્ય વિસ્તારોએ આપ્યો હોત તો ભાજપને છઠ્ઠી વાર ગુજરાતની ગાદી ન જ સાંપડી હોત. શહેરી વિસ્તારો અને વેપારી આલમ જીએસટી અને નોટબંધીના કકળાટ

તંત્રીસ્થાનેથી...

છતાં ભાજપ જ સાથે રહી એનું સૌથી મહત્ત્વનું કારણ મોદી પ્રેમ નહીં પણ મોદીરાજ દરમિયાન રહેલી 'શાંતિ' છે. મોદી શાહ સહિત તમામ સ્ટાર પ્રચારકો શહેરી પ્રજાને કોંગ્રેસી શાસનકાળમાં કોમી રમખાણોની સ્મૃતિ અપાવતા રહ્યા એટલું જ નહીં, કોંગ્રેસનું રાજ આવતાંની સાથે જૂની 'ખામ' થિયરી મુજબ સવર્ણ પ્રજા હાંસિયે ધકેલાઈ જશે અને ઓબીસી-દલિત-મુસ્લિમ-આદિવાસી વર્ગ હાવી થઈ જશે એવી બીક પણ બતાવાતી રહી. આ તમામ મુદ્દાઓ કોંગ્રેસ માટે પુનરાગમન આડે રોડાં બને એમ હતા. એમાં ઉમેરાઈ પાકિસ્તાનની જનરલ સાથેની મણિશંકર ઐયરના નિવાસ સ્થાને યોજાયેલી બેઠકની અફવા. વળી રામમંદિરના મુદ્દે કોંગ્રેસ એનું વલણ સ્પષ્ટ ન કરી શકી તેમ પાટીદારોને અનામતનું વચન આપી દઈ પોતાની મૂલ એબીસી મૂડી ખોઈ બેઠી. અલ્પેશ ઠાકોરના ઉમેદવારોને કારણે મૂળ કોંગ્રેસીઓ ઘેર બેસી રહ્યા. આ બધી બાબતો ઉપરાંત શંકરસિંહ વાઘેલાને એન ચૂંટણી ટાણે જ બહાર નીકળવું પડે એવી સ્થિતિ સરજીને ખરેખર તો કોંગ્રેસ હાઈ કમાન્ડે પોતાના જ પગ પર કુહાડો માર્યો હતો. વાઘેલા કોંગ્રેસમાં હોત તો સિનારિયો કંઈક જુદો જ હોત. આટલી બધી પ્રતિકૂળતાઓ વચ્ચે પણ કોંગ્રેસ બહુમતીથી દસ-બાર બેઠકો જ છેટી રહી તે સૂચક છે. એ ભાજપ માટે લાલબત્તી સમાન છે. વળી કોંગ્રેસને એના કહેવાતા સમર્થ નેતાઓની જ દુર્દશા નિહાળવી પડી છે તે પણ રાહુલ ગાંધીના 'નવસર્જન' માટેની નોખી-અનોખી ભૂમિકા છે. આખરે કશુંક નવું સર્જવા માટે જૂનું પુરાણું હોય એને તોડવું પડે છે. કોંગ્રેસની નબળી નેતાગીરીએ એનું પ્રોત પ્રકાશી દીધું છે ત્યારે એને નવું નેતૃત્વ ઉપલબ્ધ કરાવી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે સુસજ્જ કરવાની જવાબદારી રાહુલ ગાંધીના શિરે આવી પડી છે. સાથે જ, વડાપ્રધાન મોદી માટે પણ આવનારા મોટા પડકારનો આ પૂર્વાભાસ જ ગણવો રહ્યો.

બાળકો અને શાંતાક્લોઝની વાત

શાંતાક્લૉઝ આળસ ત્યાગીને ઉર્જા અને સ્ફૂર્તિથી ઊભા થઈ ગયા. ૨૫, ડિસેમ્બર એટલે કે ક્રિસમસ આવી રહી હતી. તેમને દુનિયાના બહુ બધાં નાનાં ભુલકાઓને તેમની મનપસંદ ગિફ્ટ તેમજ ચોકલેટ આપવાની હતી. તેમને પોતાની ઝોળીમાં બધું ભરવાનું શરું કર્યું.

ગિફ્ટની વસ્તુઓ ભરતાં ભરતાં અચાનક શાંતાક્લૉઝને ગઈ ક્રિસમસે એક સાત વર્ષના નાનકડા બાલક એડવીનની યાદ આવી ગઈ. જેનાથી તેમની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

જયારે તે એડવીન પાસે સુંદર સુંદર ગિફ્ટ આપવા પહોંચ્યા ત્યારે એડવીન પથારીમાં બેઠો બેઠો દૂધ પીતો હતો. એડવીન શાંતાક્લોઝને જોઈને રાજી રાજી થઈ ગયો. શાંતાક્લોઝે પોતાની બેગમાંથી એડવીનને ઘણી બધી ગિફ્ટો અને એક ચોકલેટનો ડબ્બો આપી તેના માથા પર ખુબ પ્રેમથી હાથ ફેરવ્યો. આ જોઈ એડવીને ઊભા થવાની કોશિષ કરી પણ તે નીચે પડી ગયો. વાત એમ હતી કે નાનો એડવીન પોલીયોગ્રસ્ત હતો. તેને પડતો જોઈને શાંતાક્લોઝે તેને ઊંચકીને ખોળામાં લઈ લીધો અને ખુબ બધી બ્લેસિંગ્સ આપી.

તે પછી એડવીને શાંતાક્લોઝને કહ્યું, 'વ્હાલા, શાંતા દાદુ તને બહુ ભલા છો. હવે આવો ત્યારેમારા પગને સાજા કરી દેજો. હું પણ બીજાં બાળકોની જેમ દોડવા, કુદવા, ભાગવા અને રમવા માગું છું.'

નાનકડા એડવીનની વાત સાંભળી તે વખતે શાંતા ક્લોઝની આંખો ભરાઈ આવી અને આજે ફરી એ વાત યાદ આવતાં તે રડી પડ્યા.

ગયા વખતે એડવીનની આવી વાત સાંભળી તેમણે પોતાના મનમાં એવી ગાંઠ વાળી હતી તે હવે દર વર્ષે ક્રિસમસના તહેવારોમાં દરેકને ઘેર જઈ તેઓ સૌને જાગૃત કરશે. અને નાનકડાં બાળકોના માતાપિતાને વિનંતી કરશે કે તેઓ બાળકોને બધા પ્રકારની રસી પીવડાવે અને જરૂરી ઈન્જેકશન અપાવે. જેથી માસૂમ બાળકો બાળપણમાં એવી કોઈ બિમારીનો શિકાર બને નહીં.

તે માટે તેમણે બાળકો માટે ઈન્જેકશન અને ગોળીઓના આકારનાં સુંદર રમકડાં પોતાની બેગમાં ભરી દીધા હતાં. તેમને ખબર હતી કે બાળકો રમકડાં દ્વારા તેમની વાત સહજ રીતે સમજી જશે.

તેમની પુરી ઝોળી ભરાઈ ગઈ એટલે ક્રિસમસના દિવસે તેમણે તેને ખભે ભરાવી. ભારી થેલો ખભે ભરાવવાના કારણે તેમની લાંબી સફેદ દાઢી હલવા લાગી. અને તેમની લાલ ટોપી ઉપર લાગેલું સફેદ છોગું નૃત્ય કરવા લાગ્યું.

નવાં કલેવર
નટવર હેડાઉ

તે જલ્દીથી નીચે ઉતર્યા અને જમીન પર આવી ગયા. જમીન પર ઉતરી તેમણે ચારેબાજુ નજર દોડાવી કે શરુઆત કયાંથી કરવી. એક તરફ ઘણી બધી ઝૂંપડીઓ હતી. આજે તેમણે એ તરફ જવાનો નિર્ણય કર્યો.

અશિક્ષિત લોકોને બાલકોને સમયસર રસી અને દવા આપવાની વાત સમજાવવી જરૂરી હતી. તે ઝોળીને ઊંચકી એ તરફ ચાલ્યા.

ઝૂંપડપટ્ટી નજીક પહોંચતાં નાનાં નાનાં ઘણાં બાળકો શાંતાક્લોઝની આસપાસ આવી ઊભા રહી ગયા અને ગિફ્ટ માંગવા લાગ્યાં. ઘણાં બાળકો પુરતું ખાવાનું ન મળવાને કારણે નબળાં અને અશક્ત લાગતાં હતા. કુપોષણને કારણે તેમના ચહેરા પર તેજ દેખાતું ન હતું. અમુક બાળકો બાળપણમાં જ કોઈ ફેકટરીમાં કામ કરવાને કારણે ટી.બી.ની બિમારીનો શિકાર બનેલાં હતા.

માસુમ બાળકોને આવાં કષ્ટ કરતાં જોઈ શાંતાક્લોઝની આંખોમાં આંસુ આવી ગયા તે બોલ્યા, બાળકો આજે હું તમને સૌને નવી નવી ડિઝાઈનનાં રમકડાં આપીશ રમકડાં અને ચોકલેટની સાથે સાથે તમને અને તમારાં માં-બાપ તે મહત્ત્વની માહિતી આપીશ જેના કારણે

અનુસંધાન પાના નં. ૫ પર

કસોટી સોનાની થાય, પિત્તળની નહીં

એક ગુજરાતી કહેવત છે: "કસોટી સોનાની થાય, પિત્તળની નહીં." સંકટના સમયે તમે સ્વજન કે પ્રિયજન પાસે મદદ માગો ત્યારે એમની કસોટી થાય છે. તેને તમે તપાસી શકો છો કે એ તમારા માટે "સોનું" છે કે "પિત્તળ." જે લોકો તમારા સંકટની વેળાએ તમને સાથ આપવા તૈયાર જ ના હોય તેમની સાથે તમારે કેવો વ્યવહાર કરવો એ સમય જ તમને શીખવે છે. સુવર્ણ ધાતુની તાસીર ઋગ્વેદના એક શ્લોકમાં પ્રગટ થાય છે: "તમમ્ તમમ્ પુનરપિ કાન્તવર્ણમ્." સુવર્ણને જેમ જેમ તપાવતા રહો છો એમ એમ તે પુનઃ યાને વધુને વધુ ચમકદાર ધાતુ તરીકે પ્રસ્તુત થાય છે. સજ્જન સંકટની ઘડીમાં પણ ઓર નિખાર પામે છે.

ભક્તકવિ મીરાંબાઈએ ગાયું છે કે "મેરે તો ગિરધર ગોપાલ, દુસરો ન કોઈ..." એની ભક્તિ અડગ છે. એની ભક્તિમાં એકેશ્વરવાદનો સ્પષ્ટ રણકો અને વફાદારીની સુવાસ છે. દેશમાં કાનૂની રીતે સતીપ્રથા પ્રતિબંધિત છે પરંતુ એક સમયે સતીપ્રથા હતી એ પોતાના પતિ પ્રત્યેના પ્રેમ, વફાદારી અને સમર્પણનું જ્વલંત દૃષ્ટાન્ત હતી. આ પ્રથામાં કોઈ સ્ત્રીને ધક્કો મારવામાં આવતો નહોતો. જેમ પરવાના શમાની આગમાં પોતાની જાતને બાળી મૂકે એમ સ્ત્રી પોતાના પતિની ચિતાની આગમાં પોતાને સ્વાહા કરી દેતી એ તેના પ્રેમનું પ્રતીક હતું.

ભક્ત પ્રત્યે ભગવાનનો નાતો અવર્ણનીય છે. શ્રીજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમના ૩૭માં કહ્યું છે કે "એવા ભક્તની ચરણરજ તો અમે પણ માથે ચડાવીએ છીએ. એને દુઃખવતા થકા તો અમે પણ બીએ છીએ." ભાગવત કથા અનુસાર ભગવાન શ્રીકૃષ્ણ પોતાની અનન્ય ભક્ત ગોપીઓ પ્રત્યે પ્રસન્ન થઈને કહે છે કે "તમારું ઋણ કરોડ જન્મે પણ હું ફેડી શકું એમ નથી." ભગવાનના દાસ થવું અને દાસના પણ દાસ થઈને રહેવું એ અઘરું છે.

શ્રીજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમના ૨૭ "ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવી સમજણનું"માં સત્સંગ અને ભક્તિ વિશે વિસ્તૃત સમજ આપી છે. સત્સંગ – ભક્તિમાં ચાર પ્રકારે સમજણમાં ફેર પડી જાય છે એટલે કે ફેર પડી જાય છે યા આંટી પડી જાય છે. (૧) પહેલા

જો તમે પાપ ન કરો તો એ પૂણ્ય કર્યા બરાબર જ છે, જો તમે વણહક્કનું લીધું નથી તો એ તમે કોઈને હજાર વખત આપ્યા બરાબર જ છે

પ્રકારવાળા ભક્ત કોઈને કોઈ ઈચ્છા, અપેક્ષા પૂરી થાય એ માટે ભક્તિ કરતા હોય છે. (૨) બીજા પ્રકારના ભક્ત વાડાબંધી યા સંપ્રદાય કે ધાર્મિક જુથબંધીમાં અટવાતા હોય છે. (૩) ત્રીજા પ્રકારના ભક્ત ભક્તિ તો કરે છે પણ ભગવાનના ઉપદેશને પામી શકતા નથી કે ભગવાનને ઓળખી શકતા નથી. (૪) ચોથા પ્રકારના ભક્ત ભગવાનને પામવાનો રસ્તો બતાવે એવા ગુરુને કે ભગવદ્ સંતને પામી શકતા નથી.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે "સત્સંગ માત્ર જીવના (આત્માના) કલ્યાણ માટે છે, દેહના કલ્યાણ માટે નહીં અને સંસારનું સુખ તો દુઃખ વિનાનું હોય નહીં." જોગી બાપા કહે છે કે "કથાવાર્તાનો અખાડો ચલાવવો." જે રીતે માટીકામ માટે અખાડો (ચાકડો, નિંભાડો વગેરે કાર્યો) ચાલતો જ રાખવો પડે એમ સત્સંગ – ભક્તિમાં આળસ – પ્રમાદ રાખ્યા વિના કથાવાર્તા, ભજન-કિર્તનનો અખાડો ચાલતો રાખવો જોઈએ. ભગતજી મહારાજ કહે છે કે "બે સાંધા તોડું છું અને બે ટાંકા સાંધુ છું." બે સાંધા એટલે કે જગત અને જગતના સંબંધીમાંથી જીવ તોડું છું અને ભગવાન તથા ભગવાનના સંતમાં જીવને જોડું છું એમ બે ટાંકા સાંધુ છું. રાધાજી, ગોપ-ગોપીઓ, પાંચ પાંડવો, દ્રૌપદીજી, ભગવાન સ્વામિનારાયણના ૫૦૦ પરમહંસ સંતો, નરસિંહ મહેતા, મીરાંબાઈએ ભગવાનને અખંડ ધારણ કર્યા તો એ સૌ પરમસુખને પામી ગયા. એ સૌની ચિંતા ભગવાને સામેથી કરી છે.

ગુલમહોર
દિનેશ દેસાઈ

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે "રૂપવાન સ્ત્રી, ઝાઝું દ્રવ્ય અને મોટી મેડી, એ ત્રણ દુઃખનું કારણ છે." ગુજરાતી કહેવત પણ છે ને કે "જર, જમીન અને જોરુ, ત્રણેય કજીયાના છોરુ." જો આપણે પારકું ધન અથવા વણ હક્કનું ન લઈએ અને મનમાં વિચાર દૃઢ થાય કે "ખોટું કરીશ તો મારે ભગવાનને જવાબ આપવો પડશે." તો આ સ્થિતિ ધર્મ, ભક્તિ, સત્સંગ, વૈરાગ્યની ચરમસીમા જ છે.

રાજસ્થાનના એક રાજા અને રાણીને ભગવાનની વાત સમજાઈ અને તેઓએ સંસાર છોડીને વૈરાગ્યનો માર્ગ પસંદ કર્યો. એ રાજા "પીપા ભગત" નામે જાણીતા છે. રાજસ્થાનથી રાજપાટ છોડીને પતિ-પત્નીએ ગુજરાતના અમરેલી જિલ્લાના રાજુલા નગર પાસે વસવાટ કર્યો હતો. જે ગામ આજે પીપાવાવ નામે જાણીતું બંદર બની ગયું છે. આ ગામમાં આજે પણ પીપા ભગતનો આશ્રમ અને નાનકડું મંદિર છે. પીપા ભગતે ઘણા બધા પદ, ભજન, સાખી લખ્યા છે. તેમની જાણીતી પંક્તિઓ છે: "પીપા પાપ ન કિજીએ, જો પૂણ્ય કિયા સૌ બાર, જો કિસીકા લિયા નહીં તો દીયા વાર હજાર." તેમનો ઉપદેશ ખુબ સાદોસીધો રહ્યો કે જો તમે પાપ ન કરો તો એ પૂણ્ય કર્યા બરાબર જ છે. જો તમે વણહક્કનું લીધું નથી તો એ તમે કોઈને હજાર વખત આપ્યા બરાબર જ છે.

જસ્ટ ટ્વીટ :

"હદમેં ચલે સો ઓલિયા, બેહદ ચલે સો પીર,
હદ-બેહદ દોનોં ચલે, ઉસકા નામ ફકીર."

બંધ બારીનું રહસ્ય...!! જીદ્દી વહુએ દુર્ગંધ મારતાં ઉકરડાને સુગંધીત બાગમાં ફેરવ્યો...!!

સરલા લગ્ન કરીને સાસરે આવી. બધુંવ્યસ્થિત જ હતું, એટલે કેબધુંસરસ જ હતું. ચાર ઓરડાનું મોટું મકાન, શાંત અને સરળ સ્વભાવની સાસુ, બહેન જેવો પ્રેમ આપનારી જેઠાણી, આધાર આપે એવો જેઠ, પ્રેમથી તરબતર એવો પ્રેમાળ પતિ, જુનવાણી ઘર અને નવાં વિચાર સાથેનો સમજદાર - પ્રસન્ન પરિવાર!

સરલાના આવ્યાના આઠ જ મહિનામાં સાસુએ બંને વહુઓને રસોડું - ઘર સોંપી દીધું અને કયાંક વચ્ચે ટકટક કરવા આવતાં નહોતા. પણ સરલાની વાતો તેઓ સાંભળતા રહેતા. આમ તો કંઈ ખાસ માથાકૂટ નહીં પણ રસોડાની બારી નહીં ખોલવાની એવી કડક સૂચના હતી. કેમ? તો એ ખોલતાં અત્યંત દુર્ગંધ આવે છે. એ કોઈને સહન થતી નથી.

સરલાના લગ્નને છ મહિના થયા હોવા છતાં એનાં જીદ્દી સ્વભાવના કોઈ દર્શન થયા નહોતાં. હા, એકવાર જીદે ચડીને એણે રસોડાની બારી ખોલી નાંખી હતી, પણ તીવ્ર દુર્ગંધ આવતાં થોડી જ મિનિટોમાં બંધ પણ કરી દીધી. પછી એ કયારેય એ બારી ખોલવાની માથાકૂટમાં પડી નહીં. એવું સાસુને લાગ્યું.

બપોરની રસોઈ જમણ બધું દોઢ વાગ્યા સુધી પતી જતું. સરલા સાવ નવરી પડી જતી. જેઠાણી તો રસોડું ચોખ્ખું કરી બે નાનકા બચ્ચાંઓને લઈને મસ્ત ચાર કલાકની ઊંઘ ખેંચી કાઢતી... પણ સરલાને ઊંઘ આવતી નહીં, કારણ એને પહેલેથી જ બપોરના ઊંઘની ટેવ નહોતી.

એક દિવસ એણે જરા હિંમત કરી. બંને જણી સુઈ ગઈ છે. એવું પાક્કું થતા બારણાંને બહારથી ધીમેથી બંધ કરી એ પાછળના આંગણામાં ગઈ. આંગણાની પાછળ એક પછાત વસ્તી હતી. આમની સાથે સરલાના પરિવારને કોઈ સંબંધ નહીં, એમની એ લાયકાત પણ નહોતી. આ વસ્તીવાળા આમના રસોડાની પાછળ આવેલા પડતર પ્લોટમાં એમનો એંઠવાડ અને કચરો ફેંકી જતા હતા. શેઠના બંગલાની છોટી વહુને ત્યાં આવેલી જોઈને વસ્તીની બહેનોને આશ્ચર્ય થયું. પણ સરલા ત્યાં પાંચ મિનિટ પર રોકાઈ શકી નહીં એટલી દુર્ગંધ મારતી હતી. એ પાછા પગલે ફરી, ડેટોલથી બે વાર નાહી ત્યારે એ દુર્ગંધ પીછો છોડ્યો. પણ પછી એણે નક્કી કર્યું કે આ સાફ-સફાઈ કરવી જ પડશે. એનો જીદ્દી સ્વભાવ ઉછાળા મારવા લાગ્યો. એણે ગમબુટની વ્યવસ્થા કરી,

ઉંચકી સુગંધ એક ઊભું ગુલાબ
એની વેદનાની વાતોનું શું ?
કાંટાથી છોલાતી લાગણીને સપનાંઓ
ઊંઘ છતાં જાગવાનું શું ?
- ભાગ્યેશ જહા

પ્લાસ્ટિકના હેન્ડગ્લોવ્ઝ અને દુપટ્ટાનો માસ્ક તૈયાર કર્યો...

બીજા દિવસથી એણે જેઠાણી-સાસુ સુઈ જાય એટલે સ્વચ્છતા અભિયાન પ્રારંભ કરવાનું નક્કી કર્યું. એ પહોંચી ગઈ અને ભીનો અને સુકો કચરો અલગ કરવાનું શરુ કર્યું. આટલા વરસનો ઉકરડો એમ કંઈ બે-ચાર દિવસમાં સાફ થવાનો હતો? વસ્તીની સ્ત્રીઓ અને બાળકો જોઈ રહેતા કે છોટી બહુ રોજ આવે અને સફાઈ કરે છે. પછી એ વસ્તીની સ્ત્રીઓને દયા આવી, એમણે સામેની જ વાત કરવાનો પ્રયત્ન કર્યો. પછી તો એ પણ મદદમાં આવી ગઈ. આઠેક દિવસમાં તો લગભગ કચરો-એંઠવાડ સાફ થઈ ગયો. છોટી બહુ અને વસ્તીની બહેનોને સાફ સફાઈ કરતી જોઈને બુઝુર્ગોએ ફરમાવ્યું કે, 'અબ કોઈ વહાં કૂડા-કચરા નહીં ડાલેગા...' નવો કચરો આવતો બંધ થયો, જૂનો સાફ થઈ ગયો. આંગણું ચોખ્ખું થયું. વસ્તીની સ્ત્રીઓ છોટી બહુ સાથે ખુલીને વાતો કરવા લાગી.

ખાલી પ્લોટ ચોખ્ખો થયા બાદ ખબર પડી કે કેટલું મોટું આંગણું હતું ? પછી પેલી બેનના પતિ જ કામમાં આવ્યા. એ સરકારી નર્સરીમાં માળી ચાચા હતા. એમણે છોટી બહુ સાથે મળીને સરસ બગીચો તૈયાર કરી દીધો. ચોમાસું નજીક જ હતું. પાણી પાઈને ઊભા થયેલા છોડ ચોમાસામાં તો ખીલી ઉઠશે એવું માળીનું કહેવું હતું. છોડ-રોપા-વેલ બધું જ વ્યવસ્થિત રીતે ઉછરે એની કાળજી લેવાતી હતી.

Hello ફ્રેન્ડ્સ!
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

બંધ બારીની બહાર શું રંધાતું હતું એ પરિવારને ખબર જ નહોતી. અને સરલા એકલી વન મેન આર્મીની જેમ લાગેલી હતી. એને સરસ પ્રવૃત્તિ મળી હતી. કયારેક પતિ પુછી લેતો કે હમણાંથી તું થોડી વધારે થાકેલી દેખાય છે, પણ સાથે ખુશ પણ દેખાય છે. ત્યારે એ માધુરીની અદામાં કહી દેતી. 'યુ નેવર નો.'

પહેલો વરસાદ આવ્યો અને સરલા ખુશીથી નાચી ઊઠી. આ બાજુ સાસુએ લમણે હાથ મૂક્યો કારણ કે ચોમાસામાં આ કચરો વધુ ગંધાઈ ઉઠતો, બારી બંધ હોય તો પણ એ દુર્ગંધ રસ્તો કરીને સાસુના નાકમાં ભરાઈ જતી. વરસાદનું જોર વધ્યું અને સાસુ દુર્ગંધની રાહ જોવાં લાગ્યા. પણ દુર્ગંધ આવી નહીં અને બારી બહાર જોવાની એમની હિંમત થઈ નહીં.

શ્રાવણના પ્રથમ સોમવારે સવારે પૂજાની થાળીમાં ગુલાબ, મોગરો, ગલગોટા, જાસુદ, ચંપાની ફુલોની ભરેલી ટોપલી હતી. આટલા ફુલો સવાર સવારમાં કયાંથી મળ્યા? એવો પ્રશ્ન સાસુ પુછે એ પહેલા તો આખા ઘરમાં ફુલોની સુવાસની આખી લહેરખી ફરી રહી હતી, અને એ સુવાસિત પવન રસોડાની બારીમાંથી આવતો હતો. આખો પરિવાર રસોડા બાજુ વળ્યો ત્યાં જઈને જોયું તો સરલા મલકાતા મુખે બારી ખોલીને બધાંની રાહ જોતી ઈભી હતી. અને બારી બહારનું દૃશ્ય? બધાં માટે એકદમ અકલ્પનીય જ હતું?

નાના બાળકની જેમ આખો પરિવાર બારણું ખોલીને બાગ બાજુ દોડ્યો. ચોખ્ખો બગીચો, લીલી લૉન, છોડ-વેલ પર લાગેલા રંગ-બેરંગી સુવાસિત ફુલોને જોઈને બધાંની આંખો ભીની થઈ ગઈ. સાસુએ સરલાને છાતી સરસી ચાંપી દીધી. સાસુ બોલ્યા, તારી ભાભી મને પગે લાગતાં બોલી હતી. 'અમારી સરલા જરા જીદ્દી છે, સાચવી લેજો. મનમાં આવશે એ કરીને જ રહેશે.' ત્યારે મારા મનમાં આવેલું કે આ ઘરમાં 'દિવાલ' કરીને રહેજો. પણ તેં તો દિવાલની પેલી બાજુના લોકોને આપણાં કરી લીધા. બાકી આ વસ્તીના લોકો સાથે અમે કયારે પણ બોલીશું? એવું તો સ્વપ્નેય નહોતું ધાર્યું.

સાસુને આખા ઘરની નજર ઉતારવી પડી. એણે સરલાને ભાભીને જ એ માટે બોલાવી લીધી. કારણ એનાં જ સંસ્કારથી તો અમારી વહુ સિંચાયેલી હતી, 'મારી જીદ્દી વહુની નજર ઉતાર' પણ સરલા કયાં છે? એ તો બગીચામાં ઉગેલા લીંબુ-મરચાં લેવા ગી છે! અને બધાં ખડખડાટ હસી પડ્યાં.

ચૂંટલો : સ્ત્રી હઠ પાછળ ભલભલા પાછળ પડે. એ કોઈ વસ્તુ માટે જીદે ચઢે તો જ જંપે એવું કહેવાય છે. એ સ્ત્રી જયારે કોઈ સકારાત્મક કાર્ય કરવા જીદે ચઢે ત્યારે પણ કરીને જ જંપે છે અને આખા પરિવારનું મસ્તક ગર્વથી ઊંચકાય છે. સારાં કાર્યો માટે જીદે ચઢતી સ્ત્રીઓને સલામ!